***ફોજદારી કેસ નંબર. <u>75639/2018</u>***

## <u>આંક–૧. લગત વધુ હુકમ</u>

ફરીયાદપક્ષ ધ્વારા હાલની ફરીયાદ વિડ્રો કરવા માટે વિડ્રો પુરસીસ આંક .૫. થી રજુ કરેલ છે. જે વંચાણે લેતાં ફરીયાદી ધ્વારા સદર પુરસીસમાં એવી હકીકત જાહેર કરેલ છે કે હાલનો કેસ તેઓ વિડ્રો કરે છે કારણ કે સંબંધિત લોન એકાઉન્ટ કોટક મહિન્દ્રા બેંક લી.ને સોપેલ છે. વધુમાં એવુ જણાવેલ છે કે, સદરહુ એસાઈનીને જરૂર લાગે તો નવી ફરીયાદ/કેસ કરી શકશે તે શરતે સદર કેસ વિડ્રો કરેલ છે. સદર પુરસીસની હકીકતો વંચાણે લેતાં સદરહુ કાયદામાં જો કોઈ સ્પષ્ટ જોગવાઈ હોય તો એસાઈનીને કાયદા મુજબ નવી ફરીયાદ/કેસ કરવાનો અધિકાર પ્રાપ્ત થતો હોય તો તે સંદર્ભે કોર્ટની કોઈ પરવાનગી પણ લેવાની જરૂર રહેતી નથી.તે સંજોગોમાં હાલનો કેસ ફરીયાદપક્ષે વિડ્રો કરેલ હોય આ કામના ફરીયાદી હાલની ફરીયાદ આગળ ચલાવવા માંગતા ના હોઈ અને પોતાની રાજીખુશીથી પરત ખેંચતા હોઈ, જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૭ અન્વયે આ કામના ફરીયાદપક્ષની હાલની ફરીયાદ પરત ખેંચવા પરવાનગી આપવામાં આવે છે અને આ કામના આરોપીને **નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮** ના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. જે અન્વયે હાલનો કેસ કાયમી લોકઅદાલતમાં ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ

તા.૧૬–૦૪–૨૦૨૨

(એમ. જે. ખોજજાદા)
એડી. ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ,
નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કોર્ટ નં.૨૯,
અમદાવાદ.
(કોડ નં.જીજે–૦૧૦૨૦)